ગાંધીનગર સમાચાર

શહેરના સે-૭ કુમાર છાત્રાલયના વિદ્યાર્થીઓના આરોગ્ય પર ખતરો

# શાકભાજી-ફળોની લારીઓ પર રેડીયમ પટ્ટી લગાડાઈ

**રાત્રે શહેરના માર્ગો પરથી પસાર થતી લારીઓ સાથે રેડીયમ પટ્ટીના અભાવે વાહનો અથડાઈ જતા હતા : બે દિવસમાં ૧૦૦થી વધુ લારીઓ પર પટ્ટીઓ લાગી**

ગાંધીનગર, તા.૧૭

શહેરમાં ખાણી-પીણીની તથા ફળો-શાકભાજીઓની લારીઓ સંખ્યાબંધ છે. મોડી સાંજે વેપાર કરી લીધા બાદ ઘર તરફ પ્રયાણ કરતા લારી ધારકો શહેરના માર્ગો પરથી જતા હોય છે. જે લારીઓમાં રેડીયમ પટ્ટીઓ ન હોવાથી લારી નજરમાં ન આવતા અંધારામાં તેની સાથે વાહનો અથડાઈ જતા હોવાની ફરિયાદો ઉઠી હતી. આ બાબતને ગંભીરતાથી લઈને ટ્રાફીક પોલીસે લારીઓ પર રેડીયમ પટ્ટીઓ લગાડવાની કામગીરી શરુ કરી છે. બે દિવસમાં આ ટીમે ૧૦૦થી વધુ લારીઓમાં રેડીયમ પટ્ટીઓ લગાડી અકસ્માતો ઘટે તે માટેના પ્રયત્નો કર્યા છે.

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવે હવે શહેરમાં ટ્રાફીકના નિયમોના ઉલ્લઘંનથી તથા ટ્રાફિક નિયમનને અભાવે સર્જાતા અકસ્માતો અને તે અકસ્માતોથી થતા મૃત્યુને અટકાવવા વિશેષ ધ્યાન આપ્યું છે. જે અંતર્ગત હેલ્મેટ-સીટ બેલ્ટ ફરજીયાત કરવામાં આવ્યું છે તે ઉપરાંત ફળો-શાકભાજી અને ખાણીપીણીની લારીઓ સાથે અંધારામાં વાહનો અથડાઈ જવાના





બનેલા અનેક કિસ્સાઓને ધ્યાને લઈ આ તમામ લારીઓ પર રેડીયમ પટ્ટીઓ લગાડવા ટ્રાફીક પોલીસને સુચનાઓ આપી દીધી છે. ટ્રાફીક પોલીસની એક ટીમ છેલ્લા બે દિવસથી આ વિવિધ લારીઓ પર હરી ફરીને તેમાં રેડીયમ પટ્ટીઓ લગાડવાની કામગીરી કરી રહી છે. બે દિવસમાં ટીમે ૧૦૦થી વધુ પટ્ટીઓ લગાડી દીધી છે. અંધારામાં લારીઓ ન દેખાતા વાહનો ટકરાઈ જતા હતા જેથી પટ્ટી લગાડી દેવામાં આવતા આ સમસ્યા ઘટે તેવી શકયતા છે.

## @ગાંધીનગર

● સે-૭માં પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખાતે સવારે ૧૦ કલાકથી ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા નરસિંહ મેહતાના સંદર્ભે રાજયકક્ષાનો પરિસંવાદ યોજાશે.

**- નજાહખાનમ સૈયદ**

## વસંતકુંવરબા પ્રાથમિક શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા.૧૭

તાજેતરમાં બાલ ઉર્જા રક્ષક દળ કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના માધ્યમથી 'ઉર્જા સંરક્ષણ રેલી' તથા 'ઉર્જા સંરક્ષણ ચિત્ર સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉર્જા સંરક્ષણ રેલીમાં બા શ્રી વસંતકુંવરબા પ્રાથમિક શાળાના ધોરણ ૬ થી ૮ના પચીસ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા.



ઉર્જા સંરક્ષણ ચિત્ર સ્પર્ધામાં ગાંધીનગર શહેરની લગભગ તમામ શાળાઓના ધો-૫ થી ૮ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં બા શ્રી વસંતકુંવરબા પ્રા. શાળામાં ધો-૬માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની અન્સારી અલ્ફીયાએ દ્વિતીય નંબર મેળવીને રૂ.૩૦૦૦ રોકડ પુરસ્કાર પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધારેલ છે. શાળાના આચાર્યા રીટાબેન બિહોલા તથા શાળા પરિવારે તેમને અભિનંદન પાઠવ્યા છે.

# સે-૩માં રામકથા સાંભળવા જતી વૃદ્ધાની મગમાળા ખેંચાઈ

**બપોરે ઘરેથી વૃદ્ધા ચાલતા મંદિર તરફ જતી હતી ત્યારે બાઈક પર એક શખ્સ આવ્યોને અઢી તોલાની માળા લુંટી ગયો**

ગાંધીનગર, તા.૧૭

શહેરના સે-૩-સી ખાતે રહેતી ૬૩ વર્ષીય વૃદ્ધા આજે બપોરના અરસામાં રામજી મંદિરે કથા સાંભળવા ઘરેથી ચાલતા ચાલા જઈ રહી હતી. બાઈક પર આવેલો એક શખ્સ તેમની નજીક આવ્યો અને ગળામાં પહેરેલી અઢી તોલા વજનની મગમાળા લુંટી ત્યાંથી ફરાર થઈ ગયો હતો. વૃદ્ધાએ બુમાબુમ કરતાં આસપાસના રહીશો સ્થળ પર દોડી આવ્યા હતા પરંતુ ત્યાં સુધીમાં ચેઈન સ્નેચર રફફુચક્કર થઈ ગયો હતો. સે-૭ પોલીસે ગુનો દાખલ કરીને ઉંડી તપાસ શરુ કરી છે.

ગાંધીનગર શહેરના સે-૩-સી ખાતે રહેતા ૬૩ વર્ષીય કૈલાશબેન દશરથભાઈ અમીન આજે બપોરે પોણા ત્રણ વાગ્યાના અરસામાં પોતાના ઘરેથી ચાલતા ચાલતા સેકટરમાં સ્થિત રામજી મંદિર તરફ જઈ રહ્યા હતા. રામજી મંદિરે ચાલી રહેલી રામ કથા સાંભળવા માટે વૃદ્ધા જઈ રહ્યા હતા તે દરમિયાન વૃદ્ધા ઘરથી થોડી જ દુર પહોંચ્યા ત્યાં રસ્તામાં એક બાઈક પર અજાણ્યો યુવાન શખ્સ તેમની નજીક આવ્યો અને ગળામાં હાથ મારીને ગળામાંથી સોનાની અઢી તોલા વજનની મગમાળા ખેંચી ગયો હતો. બુમાબુમ થતા રહીશો ત્યાં દોડી આવ્યા હતા પરંતુ ચેઈન સ્નેચર તેટલામાં સરકી ગયો હતો. વૃદ્ધા કૈલાશબેનની ફરિયાદને આધારે સે-૭ પોલીસે ગુનો દાખલ કરીને ચેઈન સ્નેચર સુધી પહોંચવા દોડધામ શરુ કરી છે.



ગાંધીનગરમ મહાનગરપાલિકાનાં મેયર હંસાબેન મોદીના વરદ હસ્તે ગાંધીનગરની તમામ સરકારી માધ્યમિક શાળાઓના આચાર્યોને ધોરણ-૧૦ના ગણિત વિષયની માસ્ટર માઈન્ડ મેથ્સ નામની ઑડિયો સીડીનું વિતરણ કરવામાં આવ્યું હતું. મેયરની ગ્રાન્ટમાંથી આ સીડી નિઃશુલ્ક વિતરીત કરવામાં આવી હતી, જેનો હેતુ ગાંધીનગરના ધોરણ-૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ગણિત વિષયમાં સફળતા પ્રાપ્ત કરાવવાનો છે. આ માસ્ટર માઈન્ડ મેથ્સ ઓડિયો સીડીનો સુવિચાર ગાંધીનગર શહેરના શિક્ષક ભાવિક રાવલનો હતો, જે છેલ્લાં ૧૫ વર્ષથી શિક્ષણ સાથે સંકળાયેલા છે. પોતાના અનુભવના પરિપાકરૂપે તેમણે આ સીડી તૈયાર કરી છે.

## વાતવાતમાં

● ગાંધીનગરના ચ રોડ પર સે-૧૧ ખાતેનો સીએનજી ગેસ પંપ બંધ હોવાથી અનેક કારચાલકો અને રીક્ષા ચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો તે જોતા શહેરમાં સીએનજી ગેસ પંપની સંખ્યા વધારવાની જરૂરિયાત જણાઈ રહી છે.

● વાહ! પ્રમાણિકતા આનું નામ! સે-૧૬માં ટોરેન્ટ પાવરની ઓફિસે લાઈટબીલ ભરવા ગયેલ એક નગરજનને કાર્યાલયની બહાર રસ્તા પરથી રૂ. ૨૫૦૦૦ની રકમ ભરેલ આગળ પાછળ સહી કરેલો બેરર ચેક મળ્યો હતો. આ ચેક તેણે ટોરેન્ટ પાવરની ઓફિસના મેનેજરને સોંપી દઈ અનોખી પ્રમાણિકતાનું ઉદાહરણ પુરું પાડયું હતું.

● સિવિલ હોસ્પિટલમાં તાત્કાલિક સારવાર વિભાગ ખાતે એક દર્દીને સારવાર માટે લવાયેલ વાહન ત્યાં જ પાર્ક કરી રખાતા ફરજ પરના સુરક્ષાકર્મી અને દર્દીના સગા વચ્ચે ભારે ચકમક ઝરી હતી. અંતે પોલીસે આવી બધુ થાળે પાડયું હતું.

● હેલ્મેટના કાયદા પાલનની પ્રક્રિયાએ નગરના વાહનચાલકો આંતરિક માર્ગોના ઉપયોગનો વિકલ્પ અજમાવવાનું ચાલુ કરતા સેકટરના આંતરિક માર્ગોપર વાહન વ્યવહારની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે.

● યુથ હોસ્ટેલ એસોસિએશન ઓફ ઈન્ડિયાના ભાવનગર યુનિટના ૩૫મા વર્ષની ભવ્ય ઉજવણી કાર્યક્રમમાં ગુજરાત સરકારના માહિતી ખાતાના જોઈન્ટ ડાયરેકટર અને પ્રેસ અકાદમીના સચિવ પુલક ત્રિવેદી મુખ્ય મહેમાન તરીકે તથા ગાંધીનગર સાહિત્યસભાના મંત્રી અને ગાંધીનગર સમાચારના કટાર લેખક સંજય થોરાત અતિથી વિશેષ તરીકે આમંત્રિત થયા છે. યુથ હોસ્ટેલના યુવાનોને તેઓ મોટીવેશનલ વકતવ્ય આપવાના છે.

**- સમીર રામી, મો. ૯૯૨૪૪૪૬૬૪૫**

# શહેરના સે-૭ કુમાર છાત્રાલયના વિદ્યાર્થીઓના આરોગ્ય પર ખતરો

**ગટરોના પાણી રસ્તા પર ફરી વળતા મચ્છરોના ઉપદ્રવ વધતા છાત્રો તેમજ રહિશો પરેશાન**



ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરના સેકટર - ૭ ખાતે આવેલ ડો. બાબા સાહેબ આંબેડકર કુમાર છાત્રાલયની પાસે છેલ્લા ૫ દિવસથી ગટરો ઉભરાય છે. ગટરોના પાણી રસ્તા પર ફરી વળતા ગંદા પાણીનું તળાવ સર્જાય છે. વસાહતીઓ તેમજ વિદ્યાર્થીઓને કયા જવું તેવી પરિસ્થિતિ ઉભી થવા પામી છે. ગંદા પાણીને કારણે અસહ્ય દુર્ગંધ તેમજ મચ્છરોનો ઉપદ્રવ વધતા વસાહતીઓના આરોગ્ય પર ખતરો ઝંળુબી રહ્યો છે. આ સમસ્યાને લઈ અનેકવાર વસાહતીઓ દ્વારા સુવિધા કચેરીમાં લેખીત જાણ કરવામાં આવી છે છતા સુવિધા કચેરીની સુવિધા વસાહતીઓને ના મળતા દુવિધા કચેરી હોય તેવું ચિત્ર સ્પષ્ટ થયું છે.

રાજયની રાજધાની ગાંધીનગરને સ્વચ્છ બનાવવા માટે તંત્ર દ્વારા તનતોડ મહેનત કરવામાં આવી રહી છે. શહેરને સ્વચ્છ અને સ્વસ્થ રાખવા માટે સરકારી તંત્ર દ્વારા લાખો રુપીયાનો ખર્ચ મહિને કરવામાં આવી રહ્યો છે. તેમ છતા શહેરને સ્વચ્છ બનાવવામાં તંત્ર ઉણું ઉતર્યુ છે. શહેરના સેકટર - ૭ માં આવેલ ડો. બાબા સાહેબ આંબેડકર કુમાર છાત્રાલય ખાતે ૧૫૦ થી વધુ છાત્રો રહે છે તેમજ છાત્રાલયની આસપાસ આવેલા અન્ય બ્લોકમાં પણ વસાહતીઓ વસવાટ કરે છે. છાત્રાલયની આસપાસમાં ગટરો છેલ્લા ૫ દિવસથી ઉભરાય છે સવારના સુમારે ગટરોના ગંદા પાણી ફરી વળતા ગંદા તળાવનું નિર્માણ પામે છે. ગંદા પાણીને કારણે મચ્છરોનો ઉપદ્રવ વધી જવા પામ્યો છે તેમજ આ વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ મારતા છાત્રો તેમજ સ્થાનિકો પરેશાન થઈ ગયા છે. આ સમસ્યાને લઈ વસાહતીઓ દ્વારા લેખીત રજુઆત સુવિધા કચેરીમાં કરવામાં આવી છે છતા પણ સુવિધાના કર્મચારીઓના પેટનું પાણી હલતું નથી. સુવિધા કચેરી વસાહતીઓની સુવિધા માટે હોય છે પરંતુ અત્યારની સુવિધા કચેરી ખુદ દુવિધાથી ઘેરાયેલી હોય તેવું વસાહતીઓને લાગી રહ્યું છે. સેકટર- ૭ છાત્રાલય ખાતે ઉભરાતી ગટરોને કારણે રહિશોના આરોગ્ય સામે પણ ખતરો મંડરાઈ રહ્યો છે તેવા સંજોગોમાં ગટરો ઉભરાતી ત્વરીત બંધ થાય તેવું સ્થાનિક રહિશો અને છાત્રો ઈચ્છી રહ્યા છે.

## આવતીકાલે વિનયન કોલેજનો ટેલેન્ટ શૉ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરમાં કોલેજમાં વિવિધ ડે તથા ટેલેન્ટ વગેરેના આયોજનોની મૌસમ ચાલી રહી છે. સે-૧૫માં સરકારી વિનયન કોલેજ દ્વારા પણ વિદ્યાર્થીઓની ગીત-સંગીત, નાટય અને નૃત્યકલાને પ્રોત્સાહિત કરવા ટેલેન્ટ શૉનું આયોજન કરાયું છે. આ ટેલેન્ટ શૉ તા. ૧૯મી ફેબ્રુઆરીએ બપોરે ૧.૩૦ કલાકે ગાંધીનગરના સે-૧૭ના ટાઉનહોલ ખાતે યોજાશે.

## સે-૮ની કેલોરેકસ પ્રિ સ્કૂલનો વાર્ષિકોત્સવ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના સે-૮ની કેલોરેકસ પ્રિ-સ્કૂલ દ્વારા દ્વિતિય વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ વાર્ષિકોત્સવ તા. ૧૯મી ફેબ્રુઆરી શુક્રવારે સાંજે ૬ કલાકે સે-૧૬ના રંગમંચ ખાતે યોજવામાં આવયો છે. વાર્ષિકોત્સવમાં શાળાના ભૂલકાંઓની વિવિધ કલા કૌશલ્યનું પ્રદર્શન કરતા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુંછે. આ વાર્ષિકોત્સવમાં શાળાના બાળકો તેમના વાલીગણ સહિત ઉપસ્થિત રહેશે.

## ઍસ કે પટેલ ઈન્સ્ટીટ્યુટ દ્વારા ૨૦-૨૧મીએ શૈક્ષણિક અને સાંસ્કૃતિક કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૭

પ્રૉફેશનલ અભ્યાસક્રમોના વિદ્યાર્થીઓને પોતાનામાં રહેલી રચનાત્મક શક્તિઓ રજૂ કરવાની તક મળે અને પરસ્પર તુલનાત્મક અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓનો વધુ સારો વિકાસ થઈ શકે તેવા હેતુથી કડી સર્વ વિદ્યાલય સંલગ્ન ઍસ કે પટેલ ઈન્સ્ટીટ્યુટ ઑફ મૅનેજમૅન્ટ અને કૉમ્પ્યુટર સ્ટડીઝ દ્વારા બે દિવસીય શૈક્ષણિક અને સાંસ્કૃતિક કાર્યક્રમ 'સિરાજ'નું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ અંતર્ગત ૧૪ જેટલી મૅનેજમૅન્ટ અને ટૅકનીકલ સ્પર્ધા, સૂર ઑર સાઝ, રંગારંગ, ફૂટલૂઝ, મિસ્ટર ઍન્ડ મિસિસ સિરાજ, ફૅનન શો જેવી ૭ ઈનફૉર્મલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. ફૅશન શો પ્રસંગે આગામી ગુજરાતી ફિલ્મ 'રોમિયો ઍન્ડ રાધિકા'ની ટીમ ઉપસ્થિત રહેશે.

સમગ્ર રાજયની ૫૦૦ ઈન્સ્ટીટ્યુટ્સમાંથી અંદાજિત ૯૦૦ જેટલા વિદ્યાર્થીઓ ભાગ લેશે. કાર્યક્રમના ઉદ્ઘાટન પ્રસંગે કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ડિરેક્ટર ડી ટી કાપડિયા ઉપસ્થિત રહેશે.

# સે-૬-બીમાં મદમસ્ત આખલાનો ઉત્પાત...!!

**સવારના ૮ વાગ્યાથી અઢી કલાક સુધી તોફાને ચઢેલા આખલાએ ૧૦ થી ૧૨ વ્યકિતઓને હડફેટે ચઢાવી**

ગાંધીનગર, તા.૧૭

વિશ્વના કેટલાક દેશોમાં આખલાઓ સાથેની કુસ્તીની રમત લોકપ્રિય છે. એમાં પણ ખાસ કરીને સ્પેનની 'બુલ ફાઈટ' સૌથી જોખમી અને અત્યંત ચર્ચાસ્પદ ગણાય છે. આખલો જયારે મદમસ્ત બનીને તોફાને ચઢે છે ત્યારે તેને કાબૂમાં કરવો એ ખૂબ જોખમભર્યું અને કુનેહભર્યું કાર્ય બની રહે છે. ગાંધીનગરના સે-૬માં આજે સવારના પ્હોરમાં મચાવેલ ઉધામાએ સેકટરવાસીઓના શ્વાસ અદ્ધર કરી દીધા હતા. આરે બે અઢી કલાકના તોફાનમાં આ આખલાએ આશરે ૧૦ થી ૧૨ વ્યકિતઓને હડફેટે લીધા હતા.

સે-૬-બીના નાના શોપીંગ સેન્ટર નજીકના વિસ્તારમાં સવારે ૮ વાગ્યાના સુમારે એક આખલો અગમ્ય કારણોસર તોફાને ચઢયો હતો. એકાએક તોફાને ચઢેલા આખલાને જોઈ સેકટરવાસીઓ દિગ્મૂઢ બની ભયભીત થઈ ગયા હતા. આખલાએ મદમસ્ત બની ગમે ત્યાં દોડવાનું ચાલુ કરી દીધું હતું અને રસ્તામાં જે પણ કંઈ આવે તેને હડફેટે લેવા માંડયુ હતું. આખલાએ મચાવેલા ઉત્પાતમાં તેણે સેકટરની આશરે ૧૦ થી ૧૨ વ્યકિતઓને હડફેટે લીધી હતી. આખલાનું આ તોફાન સાડા દસ વાગ્યા સુધી ચાલ્યું હતું. આ કારણ એક મોટું ટોળું જમા થઈ ગયું હતું. આ સમયગાળા દરમિયાન સે-૬-બીના રહીશોએ ભયના ઓથાર તળે સમય ગુજાર્યો હતો. અંતે મહાનગરપાલિકાનો સંપર્ક સાધવામાં આવતા સે-૨૨ના ઢોર ડબા ખાતેથી ટીમ ઘટના સ્થળે ધસી આવી હતી. જેમણે આખલાને કાબૂમાં લઈ પાંજરે પૂર્યો હતો. આખલો કાબૂમાં આવતા સેકટરવાસીઓએ હાશકારો લીધો હતો. આખલાએ હડફટે લીધેલ વ્યકિતઓમાંથી કોઈને ગંભીર ઈજા ના પહોંચતા સૌએ રાહતનો દમ લીધો હતો.

## ઘ-૧ સર્કલ નજીક રાત્રે યુવાનો બાખડયા : પોલીસ ફરિયાદ

શહેરના ઘ-૧ સર્કલ નજીક ગઈ રાત્રે નવેક વાગ્યાના અરસામાં બે યુવાન મિત્રો અંદરોઅંદર ઝગડી રહ્યા હતા. કોઈ નજીવી બાબતે ચાલી રહેલી માથાકુટ બાદ થયેલી મારામારી રોકવા અન્ય એક યુવાન વચ્ચે પડયો હતો. આ મામલે યુવાનો વચ્ચે મોટી બબાલ થઈ ગઈ હતી. લોખંડની પાઈપ અને પટ્ટા વડે મારામારી થવા પામતા મધુકાંતભાઈ ચૌહાણને ઘાયલ હાલતમાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ ઘટના અંગે સે-૨-બી ખાતે રહેતા નિમેશ ચૌહાણની ફરિયાદને આધારે સે-૭ પોલીસે સે-૩-એ ખાતે રહેતા પકો હસમુખ નામના શખ્સ સામે ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે.

# ખેડુતો આનંદો... ચિલોડા-ઈસનપુરનું તળાવ ઉંડુ થયું

**ચોમાસામાં આજુબાજુના પાણી તળાવમાં ભરાશે, બોર-કુવાની ભુગર્ભ જળ સપાટી ઉંચી આવશે, ખેતીને ફાયદો**

ગાંધીનગર, તા.૧૭

સરકાર દ્વારા રાજયભરમાં નદી, નાળા અને તળાવોમાં પાણીનો સંગ્રહ થઈ શકે તેવી કામગીરી યુધ્ધના ધોરણે અત્યારથી જ શરૂ કરી દીધી છે. જેમાં ચિલોડા અને ઈસનપુર મોટાની હદમાં આવતા તળાવને પણ સરકારી ખર્ચે ઉંડુ કરવાની કામગીરી હાલમાં ચાલુ કરી દેવાઈ છે. વિશાળ ફલકમાં ફેલાયેલુ આ તળાવ ઉંડાઈ થકી વિપુલ માત્રામાં પાણીનો સંગ્રહ કરશે તેવી આશાએ ખેડૂતોમાં આનંદ ફેલાયો છે અને પાણીની તંગીનું નિવારણ થવાની સર્જાયેલી શકયતાઓથી ખેતીને ફાયદા થવાના ઉજળા સંજોગો બન્યા છે.

રાજયભરના ખેડૂતો ચોમાસા સિવાય પણ અન્ય બે ઋતુઓમાં ખેતીનું કામકાજ કરે છે અને ખેત ઉત્પાદન વધે તેવા પ્રયાસો હાથ ધરે છે. જે માટે સૌથી મોટો આધાર પાણીનો હોય છે. ચોમાસા દરમિયાન વહી જતાં પાણી કે પછી ઓછા વરસાદે શિયાળુ અને ઉનાળુ ખેતી કરવી કઠીન બની જતી હોય છે. આ તમામ સમસ્યાઓને ધ્યાને લઈ સરકારે જે તે ગામોના તળાવ ઉંડા કરવાની કામગીરી હાથ ઉપર લીધી છે જેથી ફકત ચોમાસુ પાણી ઉપર આધારિત રહેવું ન પડે.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

જેમાં ચિલોડા અને ઈસનપુર મોટાની હદમાં આવેલી પાટણની તલાવડી તરીકે જાણીતું તળાવ ઉંડુ કરવાની કામગીરી શરૂ કરાઈ છે. સર્વે નં. ૭૬માં આવેલા આ તળાવ લંબાઈ-પહોળાઈમાં વિશાળ છે જેમાં હવે સરકાર દ્વારા પાંચ લાખના ખર્ચે ઉંડાઈ વધારાઈ રહી છે. હાલમાં જેસીબી મશીનથી માટી બહાર કાઢીને ટ્રેકટરો દ્વારા ચિલોડા-ઈસનપુર અને ચિલોડા-મહુન્દ્રા વચ્ચેના નાળીયામાં નાખીને માર્ગને આવવા જવામાં ઉપયોગી બને તેવો બનવાઈ રહ્યો છે. દસ બાર દિવસથી આરંભાયેલી આ કાર્યવાહીથી ખેડુત વર્ગમાં આનંદની લાગણી ફેલાઈ છે. ઉંડા બનનાર આ તળાવમાં ચોમાસા દરમિયાન આજુબાજુથી મોટા પ્રમાણમાં પાણી ઠલવાશે અને પાણીનો સતત સંગ્રહ બની રહેશે જેથી બોર તથા કુવામાં ભુગર્ભ જળની સપાટી ઉંચી આવશે અને બારે માસ ખેતી માટે ઉપયોગી બનશે. વધુમાં તળાવના પાણીથી પશુધનને પીવાના પાણીની પણ સમસ્યા હલ થશે. આમ ખેતી પીવાના પાણી સહિત અનેક તબક્કે જરૂરી પાણી આ તળાવ થકી મળી રહેવાના ઉજળા સંજોગો સર્જાતા ખેડૂતવર્ગમાં સંતોષ સાથે આનંદની લાગણી ફરી વળી છે.

## શહેર વસાહત મહાસંઘના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘની જનરલ સભા તાજેતરમાં મળી હતી. આ સભામાં સર્વાનુમતે સંસ્થાના પ્રમુખપદે કેસરીસિંહ બિહોલાની નિમણુંક કરવામાં આવી છે.

સંસ્થાના અન્ય હોદ્દેદારોમાં મહામંત્રી પદે રાજેન્દ્ર પરીખ, ઉપપ્રમુખ પદે પ્રદિપસિંહ બિહોલા, ડી.જી શેખલિયા, મુકેશભાઈ શાહ, ઈશ્વરભાઈ દેસાઈ અને પોપટલાલ પ્રજાપતિની નિમણુંક કરાઈ છે. આ ઉપરાંત મંત્રી પદે હરિસિંહ રાઠોડ, મફતભાઈ દેસાઈ, બીપીનભાઈ જાની, કે.ડી.પટેલ, કે.પી.સોલંકી અને ડાહ્યાભાઈ, સંગઠન મંત્રી પદે યુસુફભાઈ પઠાણ, હસમુખભાઈ પંડયા, માસંગજી મકવાણા, અબ્દુલભાઈ શેખ અને વિઠ્ઠલભાઈ પરમારની વરણી કરાઈ છે. સંસ્થાના ખજાનચી પદે નરેશભાઈ પરમાર, લીગલ એડવાઈઝર પદે અશ્વિનભાઈ પટેલ, સલાહકાર પદે મહેન્દ્રભાઈ ભાવસાર ઉપરાંત મહિલા પ્રતિનિધિઓ માટે સુમિત્રાબેન ભાવસાર અને ભદ્રશીલાબેન ત્રિવેદીની વરણી કરવામાં આવી છે. આ હોદ્દેદારો શહેર વસાહત મહાસંઘ અન્વયે ગાંધીનગર શહેર તથા ગુડા વિસ્તારના પ્રશ્નોને વાચા આપવાનું કાર્ય કરશે.

## ચિરવિદાય

- સ્વ. સવિતાબેન ભલાભાઈ પટેલ, ઉ.વ.૮૫
- સ્વ. પૂનાભાઈ ભીખાભાઈ મકવાણા, ઉ.વ.૭૫
- સ્વ. બાલકૃષ્ણ શકુની પાનિકર, ઉ.વ.૮૭
- સ્વ. મંજુલાબેન પરિમલ પરમાર, ઉ.વ.૫૯
- સ્વ. ગાંડાભાઈ વશરામભાઈ રબારી, ઉ.વ.૮૦